# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.

**************************************************

1) સરકારે ઓછા મૂલ્યના BHIM-UPI વ્યવહારોને પ્રોત્સાહન આપવા એક પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનના અમૃત ઉદ્યાનમાં ઉદ્યમ ઉત્સવમાં ઉપસ્થિત રહેશે.

3) રાષ્ટ્રપતિએ સમાચાર માધ્યમોને ચોથો સ્તંભ ગણાવતા કહ્યું, આધુનિક સમયમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા.

4) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, સરકારની વૈકલ્પિક ઇંધણ અને બાયોફ્યુઅલને વિશેષ પ્રાથમિકતા.

5) કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રાષ્ટ્રીય ડોપ પરીક્ષણ પ્રયોગશાળા વાર્ષિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# BHIM-UPI

સરકારે ઓછા મૂલ્યના BHIM-UPI વ્યવહારોને પ્રોત્સાહન આપવા માટે એક પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે.

આ યોજનાનો અમલ અંદાજે 1,500 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે. કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો અંગે ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ યોજના નાના વેપારીઓને કોઈપણ વધારાના ખર્ચ વિના UPI સેવાઓનો લાભ લેવા સક્ષમ બનાવશે.

# MORN.-PREZ-UDYAM-UTSAV

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે રાષ્ટ્રપતિ ભવનના અમૃત ઉદ્યાનમાં ઉદ્યમ ઉત્સવમાં હાજરી આપશે.

આ કાર્યક્રમનું આયોજન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉદ્યમ ઉત્સવ દેશના જીવંત વારસાને નાગરિકોની નજીક લાવીને MSME ને સશક્ત બનાવવા અને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરે છે. તે આ મહિનાની 30મી તારીખે સમાપ્ત થશે.

અમારા સંવાદદાતા તરફથી વધુ:

## (BYTE-BHANU-PRATAP)

# PRESIDENT-RAMNATH-AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, સમાચાર માધ્યમો ચોથો સ્તંભ છે, તે આધુનિક સમયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

રાષ્ટ્રપતિએ કહ્યું, યાંત્રિક બુદ્ધિમત્તા વિશ્વમાં મોટુ પરિવર્તન લાવી રહી છે અને પત્રકારત્વ સહિત અનેક ક્ષેત્રોમાં નવી તકો અને પડકારો ઉભા કરી રહી છે. રાષ્ટ્રપતિએ નવી દિલ્હીમાં 19મા રામનાથ ગોએન્કા પત્રકારત્વ શ્રેષ્ઠતા પુરસ્કાર સમારોહમાં આ વાત કહી. તેમણે ડીપ ફેકના જોખમો અને યાંત્રિક બુદ્ધિમત્તાના દુરુપયોગ વિશે તમામ નાગરિકોને જાગૃત કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો. રાષ્ટ્રપતિએ કહ્યું કે, રામનાથ ગોએન્કા પુરસ્કારોએ ભારતીય પત્રકારત્વમાં શ્રેષ્ઠતાના સ્તરને વધારવા અને લોકશાહીના મૂળને સમૃદ્ધ બનાવવાની પ્રક્રિયામાં ફાળો આપ્યો છે.

તેમણે કહ્યું, પત્રકારત્વનો આત્મા, સમાચાર એકત્રીકરણ મજબૂત બનવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે, લોકશાહી માટે મુક્ત અને ન્યાયી પત્રકારત્વના મહત્વને ઓછું આંકી શકાય નહીં. તેમણે કહ્યું કે, જો નાગરિકો સારી રીતે માહિતગાર ન હોય તો લોકશાહી પ્રક્રિયાઓ પોતાનો અર્થ ગુમાવી દે છે.

રામનાથ ગોએન્કા પુરસ્કારોના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું કે, આ પુરસ્કારો દ્વારા, દેશ ઇન્ડિયન એક્સપ્રેસ ગ્રુપના સ્થાપક અને ભારતીય મીડિયાના મહાન પ્રતિમા રામનાથ ગોએન્કાના વારસાનું સન્માન કરે છે. યાંત્રિક બુદ્ધિમત્તા વિશ્વમાં મોટુ પરિવર્તન લાવી રહી છે અને પત્રકારત્વ સહિત અનેક ક્ષેત્રોમાં નવી તકો અને પડકારો ઉભા કરી રહી છે.

# MORN.-GADKARI-EXPO

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, સરકાર વૈકલ્પિક ઇંધણ અને બાયોફ્યુઅલને વિશેષ પ્રાથમિકતા આપી રહી છે.

દેશના કુલ પાવર બાસ્કેટમાં ગ્રીન પાવરનો હિસ્સો 42 ટકાથી વધુ છે. ગઈકાલે નવી દિલ્હીમાં 32મા કન્વર્જન્સ ઇન્ડિયા એક્સ્પો, સ્માર્ટ મોબિલિટી ઇન્ડિયા એક્સ્પો અને 10મા સ્માર્ટ સિટીઝ ઇન્ડિયા 2025માં મંત્રી શ્રી એ સંબોધન કર્યું.

ભવિષ્યમાં મુસાફરીનો સમય ઘટાડતા વિવિધ પ્રોજેક્ટ્સ પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યું, દિલ્હી અને દહેરાદૂન, દિલ્હી અને જયપુર તેમજ ચેન્નાઈ અને બેંગ્લોર વચ્ચેનું અંતર ઘટીને બે કલાક થશે. તેમણે ઉમેર્યું કે, દિલ્હી અને મુંબઈ વચ્ચેનો મુસાફરીનો સમય પણ ઘટાડીને બાર કલાક કરવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# MANDAVIYA-NDTL

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ડોપ પરીક્ષણ પ્રયોગશાળા વાર્ષિક પરિષદ-2025નું ઉદ્ઘાટન કર્યું. વાર્ષિક પરિષદનો વિષય ડોપિંગ વિરોધી વિજ્ઞાન: નવીનતાઓ અને પડકારો છે. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, આ કાર્યક્રમ વૈજ્ઞાનિકો, કોચ, શારીરિક શિક્ષણ વ્યાવસાયિકો, રમતગમત ફેડરેશન અને વિદ્યાર્થીઓને ડોપિંગ વિરોધી વિજ્ઞાનમાં નવીનતમ પ્રગતિ અને પડકારો પર સમજદારીપૂર્વક ચર્ચા કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ પ્રસંગે શ્રી માંડવિયાએ કહ્યું કે, રમતગમતમાં સ્વચ્છ અને ન્યાયી સ્પર્ધાને પ્રોત્સાહન આપવું જોઈએ કે બધા રમતવીરો ડોપિંગ વિરોધી નિયમોથી સારી રીતે વાકેફ છે.

## (BYTE-MANSUKH-MADAVIYA)

# INDIA-GERMANY-AGRICULTURE

કૃષિ પર 8મી ભારત-જર્મની સંયુક્ત કાર્યકારી જૂથની બેઠક ગઇકાલે નવી દિલ્હીમાં યોજાઈ હતી. તેની સહ-અધ્યક્ષતા પશુપાલન અને ડેરી વિભાગના સચિવ અલકા ઉપાધ્યાય અને જર્મનીના ખાદ્ય અને કૃષિ મંત્રાલયના રાજ્ય સચિવ સિલ્વિયા બેન્ડર દ્વારા કરવામાં આવ્યું હતું.

પોતાના સંબોધનમાં, શ્રીમતી ઉપાધ્યાયે ભારત અને જર્મની વચ્ચેના મજબૂત સંબંધો પર પ્રકાશ પાડ્યો. તેમણે 2011 થી વૈશ્વિક મુદ્દાઓ અને આંતર-સરકારી પરામર્શ (IGC) પર મજબૂત સહયોગ માટે હાકલ કરી, તેમજ વિકસિત વ્યૂહાત્મક ભાગીદારીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કૃષિ ક્ષેત્રમાં, ખાસ કરીને ડિજિટલ ટેકનોલોજીમાં સહકારના મહત્વ પર પણ ભાર મૂક્યો. પશુપાલન અને ડેરી વિભાગના સચિવે સંબંધોને વધુ ગાઢ બનાવવા અને કૃષિ સહયોગ માટે નવા માર્ગો શોધવાની ભારતની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

શ્રીમતી સિલ્વિયા બેન્ડરે પણ ભારત સાથેની ભાગીદારી માટે જર્મની તરફથી ખાસ પ્રશંસા વ્યક્ત કરી. તેમણે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં, તેમની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. તેમણે બંને દેશો સામેના સામાન્ય પડકારો માટે નવા ઉકેલો શોધવા સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# COOPERATIVE-BANK-RBI

ભારતીય રિઝર્વ બૅન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ શહેરી સહકારી બેંકોને માહિતી ટેકનોલોજી અને સાયબર જોખમો સામે ખાસ સતર્ક રહેવા સલાહ આપી છે. શ્રી મલ્હોત્રાએ જણાવ્યું કે, શહેરી સહકારી બેંકોએ તેમની જવાબદારીઓ પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. તેમણે પસંદગીની શહેરી સહકારી બેંકોના ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર અને મુખ્ય કાર્યકારી અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન આ વાત કહી.

આ બેઠકમાં નેશનલ અર્બન કોઓપરેટિવ ફાઇનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને નેશનલ યુનિયન ઓફ અર્બન કોઓપરેટિવ બેંક્સ એન્ડ ક્રેડિટ

સોસાયટીઝ લિમિટેડના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો. આ બેઠક ભારતીય રિઝર્વ બેંકની તેની નિયંત્રિત સંસ્થાઓ સાથેની બેઠકોની શ્રેણીનો એક ભાગ હતી.

# WAVES-FOOTBALL

વેવ્ઝ ઓટીટી પ્લેટફોર્મ ભારતમાં DFB-પોકલ સેમિ-ફાઇનલ અને ગ્રાન્ડ ફિનાલેનું જીવંત પ્રસારણ કરશે.

પ્રસાર ભારતી અને DFB ભારત અને જર્મની વચ્ચે ફૂટબોલ સંબંધોને મજબૂત બનાવવા સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા. આ યોજના હેઠળ, સત્તર વર્ષથી ઓછી ઉંમરના યુવાનો માટે અંડર-17 ટેલેન્ટ સર્ચ ટુર્નામેન્ટ પણ શરૂ કરવામાં આવશે, જે 20 યુવા ભારતીય ખેલાડીઓને જર્મનીમાં તાલીમ લેવાની તક આપશે. વેવ્ઝ ઓટીટી આ પ્લેટફોર્મે ભારતીય ચાહકો માટે એક ખાસ સ્પર્ધા શરૂ કરી છે, જેમાં તેમને DFB-પોકલ ફાઇનલ માટે જર્મનીની સફર જીતવાની તક મળશે.

આ પ્રસંગે પ્રસાર ભારતીના CEO ગૌરવ દ્વિવેદીએ જણાવ્યું કે, સરકાર ભારતમાં મજબૂત ફૂટબોલ સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે અને આપણા યુવાનોને અભૂતપૂર્વ વૈશ્વિક તકો પૂરી પાડી રહી છે.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે પ્રવેશ અડિએચા

- નાસાનાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ પૃથ્વી પર પરત આવ્યાં તે સમાચાર મોટા ભાગના અખબારોએ મુખ્યશીર્ષકમાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, સુનિતાનું અવકાશથી આગમનઃ અંતે સૌ સારાવાના. ફૂલછાબનું મુખ્યશીર્ષક છે, અંત 'રિસ્ક' અવકાશમાં 'કેદ' અંતરિક્ષ પરી સુનીતાને પૃથ્વીની ફ્રિડમ.

- સંદેશનું મુખ્યશીર્ષક છે, કેન્દ્ર ટૂંક સમયમાં નવી ટૉલ પૉલિસી લાવશે.

- દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, બેકાબૂ ગુનાખોરી બાદ ગુજરાત પોલીસે સાત હજાર 612 અપરાધીઓની યાદી તૈયાર કરી. ત્રણ હજાર 264 બૂટલેગર, 516 જુગારી, બે હજાર 149 છેડતી કરનારા... પોલીસને બધી જાણ હતી તો અત્યાર સુધી કેમ ચૂપ રહી...?

- અમદાવાદના 28 પોલીસ ઇન્સ્પેક્ટરની બદલીના સમાચાર તમામ અખબારોએ સ્થાનિક પાના પર લીધા છે.

- સંદેશ સ્થાનિક પાના પર લખે છે, હવા અને પાણીમાં પ્રદૂષણ ફેલાવવા બદલ એક હજાર 478 ઉદ્યોગ એકમો વિરુદ્ધ ફરિયાદ.

- 'મેહુલ ચોક્સી હવે એન્ટુગુઆમાંથી પણ ફરાર' આ સમાચાર ફૂલછાબે પહેલા પાના પર પ્રકાશિત કર્યા છે.